**ડ્રેસિંગ રૂમની માહિતી લીક થવા સંબંધે PCBની ફરિયાદને પગલે પાકિસ્તાનની NCCIAએ તપાસ શરૂ કરી**

# પાકિસ્તાની સાયબર ક્રાઈમ એન્જસી દ્વારા રિઝવાન-ઈમામની સઘન પૂછપરછ

**સાયબર** ક્રાઇમ એજન્સી બંને ખેલાડીઓના મોબાઈલ ફોનનું ફોરેન્સિક અને ટેકનિકલ એનાલિસિસ કરી રહી હોવાના અહેવાલ

**બંને** ખેલાડીની ચાર કલાક સુધી આકરી પુછપરછ કરવામાં આવી, તેમના નાણાકીય ખાતામાં શંકાસ્પદ વ્યવહારો પર ખાસ ધ્યાન

લાહોર, તા. 11 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ની ફરિયાદ બાદ દેશની 'નેશનલ સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન એજન્સી' (NCCIA) એ ડ્રેસિંગ રૂમની માહિતી લીક થવાની આશંકા અંગે તપાસ શરૂ કરી છે. આ મામલે સીનિયર ખેલાડીઓ મોહમ્મદ રિઝવાન અને ઇમામ-ઉલ-હકની લગભગ ચાર કલાક સુધી સઘન પૂછપરછ કરવામાં આવી હતી.

'જીઓ ન્યૂઝ ટીવી'ના અહેવાલ અનુસાર, ચાલી રહેલી આ તપાસમાં હવે એક નવો વળાંક આવ્યો



છે. NCCIA બંને ખેલાડીઓના મોબાઈલ ફોનનું ફોરેન્સિક અને ટેકનિકલ એનાલિસિસ કરી રહી છે, જેમાં તેમના નાણાકીય ખાતાઓ અને શંકાસ્પદ વ્યવહારો પર મુખ્ય ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ન્યૂઝ ચેનલે જણાવ્યું છે કે ઈંગ્લેન્ડ સામેની વર્તમાન ટેસ્ટ સીરિઝ પહેલા અને પછીના રિઝવાન અને ઇમામના નાણાકીય વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં તેમના બેંક ખાતાઓની વિગતો પણ સ્ક્રૂટિની હેઠળ છે.

તપાસના ભાગરૂપે કોઈ કંપની, વ્યક્તિ કે સંસ્થા દ્વારા કરવામાં આવેલા કથિત ચુકવણાંની પણ ચકાસણી કરાઈ રહી છે, જ્યારે તે સમયગાળા દરમિયાન તેમના ખાતાઓમાંથી થયેલા કેટલાક વ્યવહારોની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. પાકિસ્તાન ટીમના સિક્યુરિટી મેનેજરે આ બંને સીનિયર ખેલાડીઓના ફોન NCCIAને સોંપી દીધા છે. ઉલ્લેખનીય છે કે PCBના પ્રમુખ મોહસિન નકવી દેશના ગૃહમંત્રી પણ છે અને NCCIA તેમના જ મંત્રાલય હેઠળ કામ કરે છે.

બોર્ડના પ્રવક્તાએ પુષ્ટિ કરી હતી કે NCCIA કથિત ડ્રેસિંગ રૂમ લીક્સ અંગે તપાસ કરી રહ્યું છે, પરંતુ આ એક ચાલી રહેલી પ્રક્રિયા હોવાથી આ મામલે વધુ કોઈ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. ક્રિકેટ બોર્ડે રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ સામે સાયબર એજન્સીમાં ફરિયાદ કરી હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.

રિઝવાન અને ઇમામ બંને ખેલાડીઓ ગુરુવારે લાહોરના જોહર ટાઉન સ્થિત NCCIA ઓફિસમાં હાજર રહ્યા હતા અને તેમની લાંબો સમય પૂછપરછ કરવામાં આવી હતી. તેમણે પૂછપરછ દરમિયાન પૂછવામાં આવેલા તમામ પ્રશ્નોના લેખિત જવાબો આપવા માટે એજન્સી પાસે વધુ સમય માંગ્યો છે.

## ચાલુ તપાસ વચ્ચે રિઝવાન-ઈમામ ડોમેસ્ટિક ફર્સ્ટ-ક્લાસ ટુર્નામેન્ટ ગુમાવશે

લાહોર, તા. 11 (PTI) : પાકિસ્તાનના સિનિયર ક્રિકેટર મોહમ્મદ રિઝવાન અને ઈમામ-ઉલ-હક સામે ચાલી રહેલી તપાસને કારણે તેઓ આવતીકાલ શનિવારથી શરૂ થઈ રહેલી દેશની મુખ્ય ડોમેસ્ટિક ફર્સ્ટ-ક્લાસ ટુર્નામેન્ટ ગુમાવશે. ક્રિકેટ બોર્ડ દ્વારા એવું સત્તાવાર કારણ આપવામાં આવ્યું છે કે બંને ખેલાડીઓએ તેમની ડિપાર્ટમેન્ટલ (વિભાગીય) ટીમો માટે ફરજિયાત ફિટનેસ ટેસ્ટ આપવાની શરત પૂરી કરી નથી. પરંતુ પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ શુક્રવારે જણાવ્યું હતું કે, ડ્રેસિંગ-રૂમની માહિતી લીક કરવાના આરોપસર નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) દ્વારા બંને ખેલાડીઓ સામે તપાસ ચાલી રહી છે, તેથી તેમને ડોમેસ્ટિક મેચો માટે મંજૂરી આપવામાં આવી નથી. આ બંને સિનિયર ખેલાડીઓ આ પ્રીમિયર ટુર્નામેન્ટમાં પોતપોતાની ટીમની કપ્તાની કરવાના હતા.

# બુમરાહની લયમાં વાપસી : નેટ્સમાં સૂર્યવંશીની આકરી કસોટી કરી



**બુમરાહે** ફેંકેલા ચાર બોલમાં સૂર્યવંશીને ઇન્ટરનેશનલ લેવલે કેવા પડકારનો સામનો કરવો પડી શકે તેની ઝાંખી મળી

નવી દિલ્હી, તા. 11 (PTI) : ભારતીય ટીમમાં જ્યારે દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહ પ્રવેશ કરે છે, ત્યારે આખી ટીમનો માહોલ જ બદલાઈ જાય છે. બુમરાહ કોટલા સ્ટેડિયમમાં પાછો ફર્યો ત્યારે ચહેરા પર સ્મિત, ઉત્સાહભરી ચાલ અને પોતાની વિવિધ બોલિંગ શૈલીના પ્રદર્શન સાથે તેણે 15 વર્ષના યુવા સન્સેશન વૈભવ સૂર્યવંશીને નેટ્સમાં સતત હંફાવ્યો હતો.

જ્યારે સૂર્યવંશીને પહેલીવાર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હતું, ત્યારે બુમરાહ યુકે ખાતેની ટી-20 ટીમનો ભાગ નહોતો અને બાદમાં વન-ડે સીરિઝ માટે જોડાયો હતો. કોટલાની લાઈટો હેઠળ, બુમરાહનો પહેલો બોલ 'ગુડ લેન્થ' પર પડ્યો અને સૂર્યવંશીએ તેને રમવાનો પ્રયાસ કર્યો પણ બોલ સંપૂર્ણપણે મિસ કર્યો. તે જ લેન્થ પર ફેંકાયેલા બીજા બોલમાં, સૂર્યવંશીનું બેટ નીચે આવે તે પહેલાં જ બોલ ઝડપથી નીકળી ગયો. ત્રીજો બોલ એક પરફેક્ટ યોર્કર હતો, જેને સૂર્યવંશીએ માંડ-માંડ બચાવ્યો. ચોથો બોલ થોડો શોર્ટ ઓફ લેન્થ હતો અને યુવા બેટ્સમેનના બેટની એજ લાગી. માત્ર ચાર બોલમાં જ આ મહાન બોલરે સૂર્યવંશીને એ વાતની ઝાંખી કરાવી દીધી કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વના શ્રેષ્ઠ ઝડપી બોલરો સામે તેણે કેવા પડકારોનો સામનો કરવો પડી શકે છે. સૂર્યવંશી માટે આ પ્રેક્ટિસ સેશન બહુ સારું રહ્યું ન હતું. ફિલ્ડિંગ ડ્રિલ દરમિયાન તેણે ઓછામાં ઓછા ત્રણ કેચ છોડ્યા હતા અને નેટ્સમાં તમામ ફાસ્ટ બોલરો સામે બીટ થયો હતો.

# ભારતના નેટ સેશન દરમિયાન ઈશાન કિશનને પીઠમાં ખેંચાણ, ફિટનેસની ચિંતા

નવી દિલ્હી, તા. 11 (PTI) : ભારતીય ટીમના નેટ સેશન દરમિયાન આજે શુક્રવારે વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનને પીઠમાં ખેંચાણ આવતા તે ભારે તકલીફમાં જોવા મળ્યો હતો, જેના કારણે તેની ફિટનેસને લઈને ચિંતાઓ ઊભી થઈ છે. કિશન ફાસ્ટ બોલર્સના નેટ્સમાં બેટિંગ કરી રહ્યો હતો ત્યારે નવદીપ સૈનીએ એક સચોટ શોર્ટ બોલ ફેંક્યો, જે તેની છાતી અને દાઢીની વચ્ચે ઉછળ્યો હતો. આ ડાબોડી બેટ્સમેને બોલથી બચવા માટે ખસવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે દરમિયાન તેની પીઠમાં ઈજા થઈ હોવાનું જણાયું હતું. કિશન સ્પષ્ટપણે ભારે દુખાવામાં હતો, જેને જોઈને ભારતીય ટીમના ફિઝિયો કમલેશ જૈન તાત્કાલિક તેની મદદ માટે દોડી આવ્યા હતા. કિશન થોડી મિનિટો સુધી ઘૂંટણિયે બેસી રહ્યો હતો અને ત્યારબાદ શાંતિથી નેટ્સની બહાર નીકળી ગયો હતો. ત્યારબાદ આ બેટ્સમેન પોતાની કમર પકડીને ઊભેલો જોવા મળ્યો હતો અને તે ફરીથી બેટિંગ કરવા પાછો ફર્યો નહોતો.

# યુએસ ઓપન: સબાલેન્કા-રિબાકીના વચ્ચે ફાઇનલ જંગ

**સતત** ચોથીવાર ફાઇનલમાં પહોંચેલી સબાલેન્કાની નજર ટાઇટલની હેટ્રિક કરવા પર

**કોકો** ગફને હરાવીને એલિના રિબાકિના યુએસ ઓપનમાં પહેલીવાર ફાઇનલ રમશે

ન્યૂ યોર્ક, તા. 11 (AP) : યુએસ ઓપનની મહિલા સિંગલ્સમાં ગઈકાલે રાત્રે રમાયેલી બે સેમી ફાઈનલમાં આર્યના સબાલેન્કા અને એલિના રિબાકીનાએ અનુક્રમે જેસિકા પેગુલા અને કોકો ગફને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને હવે ફ્લશિંગ મિડોઝ ખાતે નંબર વન અને નંબર ટુ વચ્ચે ફાઈનલ જંગ ખેલાશે. પેગુલાને હરાવીને સતત ચોથીવાર ફાઈનલમાં પહોંચેલી સબાલેન્કાની નજર નંબર વન ગુમાવ્યા પછી અહીં ટાઈટલની હેટ્રિક કરવા પર છે. આ તરફ સેમી પ્રવેશથી જ નંબર વનનું સ્થાન પાકું કરનારી રિબાકીના ગફને હરાવીને પહેલીવાર યુએસ ઓપનની ફાઈનલમાં પહોંચી છે.



બે વારની ડિફેન્ડિંગ ચેમ્પિયન સબાલેન્કાએ સેમી ફાઈનલમાં પોતાના દબદબાભર્યા પ્રદર્શનથી પેગુલાને 7-5, 6-2થી હરાવી બતાવી દીધું કે તે 'હેટ્રિક' કરવા માટે કેટલી ગંભીર છે. જો તે આ ટ્રોફી જીતશે તો 2012-14માં સેરેના વિલિયમ્સ પછી ફ્લશિંગ મેડોઝ ખાતે હેટ્રિક કરનારી પ્રથમ મહિલા ખેલાડી બનશે. રિબાકીનાએ કોકો ગફ સામે પહેલો સેટ 3-6થી ગુમાવ્યા પછી જોરદાર વાપસી કરીને બે સેટ 6-4, 6-4થી સરળતાથી જીતીને મહિલા ટેનિસની ટોચની બે ખેલાડીઓ વચ્ચે ફાઈનલ મુકાબલો સુનિશ્ચિત કર્યો છે. સબાલેન્કા હાલમાં WTA રેન્કિંગમાં નંબર-વન અને રિબાકીના નંબર-ટુ પર છે, પરંતુ સતત 99 અઠવાડિયા સુધી ટોચનું સ્થાન જાળવી રાખ્યા બાદ સોમવારે આ રેન્કિંગ બદલાઈ જશે. રિબાકીનાએ સીઝનની શરૂઆતમાં સબાલેન્કાને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યું હતું, જ્યારે ચાર વારની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સબાલેન્કાનું સમર સીઝનનું પ્રદર્શન તેના પોતાના ધોરણો મુજબ નબળું રહ્યું હતું, જેના કારણે રિબાકીનાને નજીક આવવાની તક મળી. ગોફે 2023 યુએસ ઓપન ફાઈનલમાં સબાલેન્કાને હરાવીને એક ટીનએજર તરીકે પોતાનું પ્રથમ મેજર ટાઈટલ જીત્યું હતું, પરંતુ ત્યારથી ફ્લશિંગ મેડોઝ ખાતે બેલારુસિયન ખેલાડી સબાલેન્કાને કોઈ હરાવી શક્યું નથી.

# મહિલા એશિયા કપ : ફાતિમાની ઈનિંગથી પાકિસ્તાને શ્રીલંકાને આપ્યો 131નો લક્ષ્યાંક

**શરૂઆતના** ધબડકા પછી ફાતિમા સનાની ઇનિંગ ગુલ ફિરોઝા સાથેની ભાગીદારીથી પાકિસ્તાને પાંચ વિકેટે 130 રન બનાવ્યા



દુબઈ, તા. 11 : મહિલા એશિયા કપમાં આજે શુક્રવારે અહીં રમાયેલી બીજી સેમી ફાઈનલમાં શરૂઆતના ધબડકા પછી ફાતિમા સના અને ગુલ ફિરોઝાની લડતને પગલે પાકિસ્તાને પાંચ વિકેટે 130 રન બનાવીને શ્રીલંકાની સામે 131 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. આ મેચમાં પહેલી 10 ઓવરમાં પાકિસ્તાનનો સ્કોર ચાર વિકેટે 54 રન હતો અને તે પછીની 10 ઓવરમાં પાકિસ્તાને માત્ર એક વિકેટ ગુમાવીને 78 રન ઉમેર્યા હતા.

પાકિસ્તાન વતી ફાતિમા સનાએ 36 બોલમાં 47 રનની નોટઆઉટ ઈનિંગ રમીને પાકિસ્તાનને આ સ્કોર સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેને શરૂઆતમાં ફિરોઝાનો સારો સાથ મળ્યો હતો અને બંનેએ મળીને 40 રનની ભાગીદારી કરી હતી. ફિરોઝા 21 રન કરીને આઉટ થઈ હતી. તે પછી ફાતિમાએ તુબા હસન સાથે 38 રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી. શ્રીલંકા વતી કેપ્ટન ચમારી અટાપટ્ટુ અને ચામુદી પ્રબોદાએ 2-2 વિકેટ લીધી હતી.

| પાકિસ્તાન મહિલા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| મુનિબા કો.સિલ્વા બો.સુગંદીકા | 2 | 8 | 0 | 0 |
| શાવલ કો.કૌશુની બો.અટાપટ્ટુ | 24 | 16 | 2 | 2 |
| ફિરોઝા કો.અટાપટ્ટુ બો.પ્રબોદા | 21 | 32 | 1 | 0 |
| આયેશા કો.કૌશુની બો.અટાપટ્ટુ | 7 | 8 | 1 | 0 |
| સદફ કો.કૌશુની બો.પ્રબોદા | 8 | 11 | 1 | 0 |
| ફાતિમા નોટઆઉટ | 47 | 36 | 4 | 2 |
| તુબા નોટઆઉટ | 12 | 10 | 1 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવરમાં પાંચ વિકેટે) | 130 | | | |

વિકેટપતન : 1-5, 2-29, 3-37, 4-52 5-92

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિતાલી અયોધ્યા | 4 | 0 | 33 | 0 |
| સુગંદીકા કુમારી | 4 | 0 | 20 | 1 |
| ચમારી અટાપટ્ટુ | 4 | 0 | 24 | 2 |
| ચામુદી પ્રબોદા | 4 | 0 | 25 | 2 |
| કવિષા દિલહારી | 3 | 0 | 20 | 0 |
| નિલાક્ષિકા સિલ્વા | 1 | 0 | 6 | 0 |

# મલેશિયાને હરાવી ભારત જુનિયર મેન્સ એશિયા કપની ફાઇનલમાં

**ડ્રેગ ફ્લિકર** અનમોલ એક્કાના બે ગોલની મદદથી ભારતે મલેશિયાને 3-1થી હરાવ્યું

મોકી (ચીન), તા. 11 (પીટીઆઈ) : ઈન-ફોર્મ કેપ્ટન અનમોલ એક્કાના બે ગોલની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે મલેશિયાને 3-1થી હરાવીને સતત ચોથી વખત AHF મેન્સ જુનિયર એશિયા કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો.

ડ્રેગ-ફ્લિકર અનમોલે આગળથી નેતૃત્વ કર્યું, બે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યા. હવે તેના ટુર્નામેન્ટમાં 16 ગોલ થયા છે. ગોલકીપર વિવેક લાકરાએ પણ પેનલ્ટી સ્ટ્રોક સહિત અનેક શાનદાર બચાવ કર્યા અને ભારતને નિયંત્રણમાં રાખ્યું. સતત ચોથા અને એકંદરે છઠ્ઠા ટાઈટલ પર




નજર રાખતું ભારત હવે પાકિસ્તાન અને દક્ષિણ કોરિયા વચ્ચેના બીજા સેમા ફાઈનલના વિજેતા સામે ટકરાશે.

ભારતે આક્રમક શરૂઆત કરી અને અજિત યાદવે પ્રથમ બે મિનિટમાં બે વાર મલેશિયન સર્કલમાં પ્રવેશ કર્યો. ભારતને ટૂંક સમયમાં ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ મલેશિયાના ગોલકીપર અમસ્યાર મોહમ્મદ અદીબે ગોલ ન થવા દીધા. મલેશિયા પ્રથમ ક્વાર્ટરની અંતિમ મિનિટમાં ગોલ કરવાની નજીક પહોંચ્યું હતું પરંતુ નિષ્ફળ રહ્યું. આ દરમિયાન, ભારતે 16મી મિનિટે ચોથો પેનલ્ટી કોર્નર મેળવ્યો. કેપ્ટન અનમોલે તેને કન્વર્ટ કરીને ભારતને લીડ અપાવી. ભારતીય ગોલકીપર લાકરાએ ૩૪મી મિનિટમાં બે પ્રયાસ બચાવ્યા. ભારતના મનમીત સિંહને ૩૬મી મિનિટે અને પ્રભદીપ સિંહને ૪૧મી મિનિટે યલો કાર્ડ મળ્યો.

## ધુમલ-મજુમદાર IPL ગવર્નિંગ કાઉન્સિલમાં ફરીથી બિનહરીફ ચૂંટાશે

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : બીસીસીઆઈના ચૂંટણી અધિકારી એકે જ્યોતિએ શુક્રવારે આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન પદ માટે અરુણ ધુમલ અને સભ્ય પદ માટે ખૈરુલ મજુમદારનની ઉમેદવારીને મંજૂરી આપી, જેનાથી 18 સપ્ટેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં તેમની બિનહરીફ ચૂંટણી સુનિશ્ચિત થઈ.

મુંબઈમાં બીસીસીઆઈ મુખ્યાલય ખાતે યોજાનારી વાર્ષિક સામાન્ય સભા (AGM) દરમિયાન ધુમલ અને મજુમદાર બિનહરીફ ચૂંટાશે. બીસીસીઆઈ દ્વારા જારી કરાયેલ ચૂંટણી નોટિસમાં જણાવાયું છે કે ચૂંટણી અધિકારીએ સંબંધિત પદો માટે ઉમેદવારોની નામાંકન અરજીઓની ચકાસણી કરી છે અને BCCI ચૂંટણી 2026 માટે માન્ય રીતે નોમિનેટ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. અરુણ સિંહ ધુમલ અને ખૈરુલ જમાલ મજુમદાર ગવર્નિંગ કમિટી માટે માન્ય ઉમેદવારો છે. નોટિસ અનુસાર, જે ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી ખેંચવા માંગતા હોય તેઓ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી આમ કરી શકે છે.

# હેમસ્ટ્રિંગને કારણે ભાંબરી કોરિયા સામેની ડેવિસ કપ મેચમાં શંકાસ્પદ

**યુકી** ભાંબરી જો સમયસર સ્વસ્થ ન થાય તો વિકલ્પ તરીકે શ્રીરામ બાલાજી-દક્ષિણેશ્વર સુરેશની જોડીનું નામ આગળ

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભાંબરી યુએસ ઓપન મેચ પહેલા પ્રેક્ટિસ દરમિયાન જમણા પગમાં ખેંચાણનો ભોગ બન્યા બાદ સિઓલમાં દક્ષિણ કોરિયા સામેની ડેવિસ કપ ટેનિસ ટુર્નામેન્ટ માટે શંકાસ્પદ છે. ગુરુવારે રાત્રે કોરિયા જવા રવાના થયેલી ભારતીય ખેલાડીઓની પહેલી બેચ સાથે ભાંબરી સિઓલ ગયો નથી, જેના કારણે આ મહત્વપૂર્ણ મેચમાં તેની ભાગીદારી અંગે અનિશ્ચિતતા ઊભી થઈ હતી.

ભાંબરીએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ મહિનાના અંતમાં શરૂ થનારી એશિયન ગેમ્સમાં તેની ભાગીદારી પર કોઈ ખતરો નથી. યુએસ ઓપનમાં મુખ્ય ડ્રો મેચ પહેલા પ્રેક્ટિસ દરમિયાન મારા પગમાં ખેંચાણ આવી ગઈ હતી. આ એક નાની ઈજા છે. મારા માટે સંપૂર્ણ ફિટ થવા માટે કોઈ સમયમર્યાદા નથી, પરંતુ તે ગંભીર ઈજા નથી. તેની સ્થિતિનું દરરોજ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તે ભારતીય ડેવિસ કપ ટીમના સપોર્ટ સ્ટાફ તેની ફિટનેસનું મૂલ્યાંકન કરી રહ્યો છે.

જો ભાંબરી સમયસર સ્વસ્થ ન થાય, તો ભારત ડબલ્સમાં વૈકલ્પિક સંયોજનો પર વિચાર કરી શકે છે, જેમાં એન શ્રીરામ બાલાજી અને સિંગલ્સ નિષ્ણાત દક્ષિણેશ્વર સુરેશની જોડીનો સમાવેશ થાય છે. સિદ્ધાર્થ રાવત અને અર્ણવ પપ્પરકર ટીમમાં રિઝર્વ છે, પરંતુ તેઓ સિંગલ્સ રમે છે.

## સુડોકુ ૬૨૬૬ 'કૂટ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૭ | ૫ | ૨ |
| ૯ | | | | | ૫ | | ૪ | ૬ |
| ૪ | | | ૬ | | | | ૩ | ૧ |
| ૫ | | | | | ૯ | ૩ | | ૪ |
| | ૬ | | ૪ | ૨ | ૩ | | | |
| ૩ | ૯ | | ૫ | | ૬ | ૨ | ૭ | ૮ |
| | ૮ | | | ૫ | | ૬ | | ૭ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૬ | | ૫ | | ૯ |
| ૭ | | | | ૯ | ૮ | | ૨ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### મીઠી પેશાબ

બીલીનાં પાન 25 નંગ, લીમડાનાં પાન 25 નંગ લઈ એક કપ પાણીમાં વાટી, તેનો રસ કાઢી રોજ બે વાર પીઓ. પરેજી પાળવી.

## આજનું પંચાંગ

**તા. 12/09/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ એકમ 07:47 પછી બીજ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 21
**યોગ :** શુભ **કરણ:** બાવલ
**નક્ષત્ર :**ઊ.ફા. : 12:56
**રાશિ:** કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** સામાન્ય -મૌનવ્રતારંભ - બુધ પશ્ચિમમાં ઉદય
**સુરતમાં સૂર્યોદય :** 06:26 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:44 **નવકારસી :** 07:14
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 29મો રોજ
**મુસલમાન વર્ષ:** 1448, રબિઉલ અવલ માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અચાનક નવા ફેરફારથી જવાબદારી વધે. ગુસ્સા પર કાબૂ રાખવો. પોતાની વાત જાહેર કરવી નહીં. ગુપ્ત ભય રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રેમમાં શંકા-કુશંકાથી અંતર વધે. ઉધાર લેવા-દેવાતું ટાળવું વિદ્યાર્થીઓને નવુ શીખવા મળે. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** મિલકત લેવા-વેચવા બાબતે અનુકૂળતા થાય. વિરોધીઓથી સાવધાન રહેવું. ઘરમાં અશાંતિજનક રહે.

**કર્ક (ડ,હ,):** કામ પ્રત્યેની એકાગ્રતાથી ઉપરી વર્ગનો સાથ મળે. નવી તક ઊભી થાય. મિત્રો, સંબંધીઓ તરફથી સારા સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** મૌન રહેવું અર્થનો અનર્થ થઇ શકે છે. ખર્ચા વધે ઘરમાં સામાજિક સમસ્યાથી અશાંતિ પેદા થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** વેપાર ધંધામાં સુધારો થાય નોકરીમાં પ્રગતિ કે પગાર વધારો થાય. ભાગીદારીનો કામ થાય. જીવનસાથીનો સાથ.

**તુલા (ર,ત,):** અચાનક કાર્યબોજ અને નોકરી અર્થ પ્રવાસથી અશાંતિ વધે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી ગુસ્સા પર કાબૂ.

**વૃશ્ચિક (ન,ય,):** તમારી સલાહ બીજાને ઉપયોગી બને. પરીક્ષામાં સફળતા મળે. પરિવારનો સાથ મળે. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વડીલો સાથે પારિવારિક પ્રશ્નોથી ચર્ચા તાય. સમાજ વગેરેમાં પ્રભાવ વધે. બાકી રહેલ યોજનાનો અમલ થાય.

**મકર (ખ,જ,):** ઉચ્ચ શિક્ષણમાં મહેનત વધે વિદ્યાભ્યાસને લઇને વિદેશની યોજનામાં મદદ મળે. શુભ સમચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સરકારી નોકરીયાત, રાજકારણી વગેરે લોકોએ સાવધાની રાખવી. અચાનક મુસીબત આવી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પારિવારિક પ્રશ્નો હલ થાય. રોજના કામમાં સહકાર મળે. આવક વધે. જીવસાથી સાથે મનોરંજ થાય.

## કોઈ પણ સાલમાં 12 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહે. નોકરી ધંધા વ્યવસાય, સમાજ વગેરેમાં હરીફોની હેરાન ગતિ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં તાલ મેળ રાખવો પડે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સંતાનોના કામ, અભ્યાસ -કેરીયર વગેરેમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા રોકાણમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. ઉમર લાયકના વિવાહના ખર્ચા સતાવે વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશના કામ ધીમા પડે. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વિલંબ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા પ્રવાસ ધર્મ કર્મ થાય. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર, ગુરુ શુક્રવાર, 03, 12, 21, 30 તારીખે નવા કામ કરવા. પીળા, જાંબલી સોનેરી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ રવિ-બુધવાર 02, 11, 20, 29 તારીખે નવા કામ ટાલવો. લાલ નીલા રંગના ઉયોગ ટાળવો. બૃહસ્પતિ વારના ઉપાય કરતા રહેવું.

## અનુસંધાન... પાના પહેલાનું

### બેંક યુનિયનોની દેશવ્યાપી...

અંશતઃ કાર્યરત હતી. મોટાભાગની સરકારી બેંકો અને કેટલીક જૂની ખાનગી બેંકોમાં રોકડ જમા કરાવા, ઉપાડ, ચેક ક્લિયરન્સ અને વહીવટી કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. મધ્યપ્રદેશ, ઝારખંડ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ સહિત દેશના વિવિધ ભાગોમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર શાખા સ્તરે કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. મધ્યપ્રદેશ બેંક એમ્પ્લોઈઝ એસોસિએશનના ચેરમેન મોહનકૃષ્ણ શુક્લાના જણાવ્યા અનુસાર, રાજ્યની 8707 બેંક શાખાઓમાંથી આશરે 7000 શાખાઓના 42000 કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. શિમલા અને ઝારખંડમાં પણ રાષ્ટ્રીયકૃત બેંકો, એસબીઆઈ અને ગ્રામીણ બેંકોમાં કામકાજને ભારે અસર થઈ હતી. આગાઉ માર્ચ 2024માં ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) સાથે થયેલા 12મા દ્વિપક્ષીય કરારમાં તમામ શનિવારે રજા જાહેર કરવાની માગ સ્વીકારાઈ હતી, પરંતુ સરકાર તરફથી હજુ સુધી તેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી. હાલમાં મહિનાના પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારે બેંકો ચાલુ રહે છે.

### બૈજિંગ કહે છેઃ...

ત્યારથી જ બ્રિક્સ દેશોએ ખુલ્લાપણું, સમાવેશીતા અને બંને પક્ષો માટે ફાયદાકારક સહયોગની ભાવનાને જાળવી રાખી છે. ઈરાન-અમેરિકા સંઘર્ષ અને યુક્રેન-રશિયા યુદ્ધ વચ્ચે યોજાઈ રહેલી આ નવી દિલ્હી સમિટના મહત્વ અંગે માઓ નિંગે કહ્યું કે ચીન વાતચીત અને વાટાઘાટો દ્વારા વિવાદોનો ઉકેલ લાવવા અને શાંતિ તથા સ્થિરતામાં યોગદાન આપવા માટે બ્રિક્સ દેશો સાથે મળીને કામ કરવા તૈયાર છે. આ પ્રભાવશાળી જૂથના વર્તમાન અધ્યક્ષ તરીકે, ભારત ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ સમિટની યજમાની કરશે.

### ઇરાની પ્રમુખ સાથેની...

નિયંત્રણો લાદવામાં આવ્યા બાદ પશ્ચિમ એશિયામાં એકાએક વધેલા તણાવ વચ્ચે આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આજે સાંજે યોજાયેલી વાટાઘાટોમાં, ભારતીય પક્ષ તરફથી જહાજોની અવરજવરની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા તેમજ આ વિસ્તારમાં નાગરિકો અને નાગરિક માળખાકીય સુવિધાઓના રક્ષણના મહત્વ પર ફરી ભાર મૂકવામાં આવ્યો હતો એમ જાણવા મળે છે. ભારતીય ખલાસીઓની સુરક્ષાનો મુદ્દો પણ ઉપાડાયો હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે કે હોર્મુઝની સામુદ્રધૂનિમાં ઈરાન અને અમેરિકી દળોના તોપમારામાં કેટલાક ભારતીય ખલાસીઓ માર્યા ગયા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન મજબૂત સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના સંબંધો ધરાવતો સભ્યતાનો સહિયારો નાતો ધરાવે છે. બ્રિક્સ ભાગીદારો તરીકે, બંને દેશો સહિયારી પ્રગતિ અને સમૃદ્ધિમાં યોગદાન આપવા માટે કામ કરી રહ્યા છે. નવી દિલ્હી રવાના થતાં પહેલાં, પેઝેશ્કિયાને બ્રિક્સ દેશોએ પોતાની આર્થિક સ્થિરતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પહેલા વડાપ્રધાન મોદી ૩૧ ઓગસ્ટે બિશ્કેકમાં ઈરાની નેતાને મળ્યા હતા અને વ્યક્ત કર્યું હતું કે ભારત સંઘર્ષનો અંત લાવવાના તમામ પ્રયાસોનું સમર્થન કરે છે.

### પુતિને ભારત આવીને...

હુવેઈ, બ્રાઝિલની એમબ્રેઅર, યુએઈ-સ્થિત ટીપીઓ અને રશિયાની રોસાટોમ સાથે ભારતીય કંપની મહિન્દ્રાના કામકાજનો ઉલ્લેખ કરીને તેને બ્રિક્સની કોર્પોરેટ સફળતાની વાર્તાઓમાંથી એક તરીકે દર્શાવી હતી. પુતિને G7 જૂથ પર કટાક્ષ કરતા BRICS દેશોના વધતા આર્થિક પ્રભાવને રેખાંકિત કર્યો હતો અને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આ જૂથને શા માટે "ગ્રૂપ ઓફ સેવન" (G7) કહેવામાં આવે છે. BRICS બિઝનેસ ફોરમને સંબોધતા પુતિને જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં વિશ્વના જીડીપીના 40 ટકાથી વધુ હિસ્સો BRICS દેશો દ્વારા ઉત્પન્ન કરવામાં આવ્યો છે. આનાથી વિપરીત, તેમણે ઉમેર્યું કે G7 દેશોનું યોગદાન માત્ર 29 ટકા જ છે.